# એપ્રિલ–૨૦૨૬ થી જૂન–૨૦૨૬

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૫<br>તા.૨૫/૦૩/૨૦૨૬ | મુદ્દા નં.(૧) એસ.ટી.ડી. કેર પ્રોગ્રામના ૩૭ કર્મચારીઓના PF(PROVIDENT FUND) એકાઉન્ટ જનરેટ કરવામાં આવ્યા હોય તો તે તમામ ૩૭ કર્મચારીઓના UAN(UNIVERSAL ACCOUNT NUMBER) ની પ્રમાણિત યાદી વિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | પીએચડી/અપીલ/આઉટ/૦૮<br>તા.૦૧/૦૬/૨૦૨૬ |
| ૧<br>તા.૦૮/૦૪/૨૦૨૬ | મુદ્દા નં. .(૧) થી એસ.ટી.ડી. કેર પ્રોગ્રામમાં ચુકવવામાં આવે જૂન–૨૦૨૫ની સેલેરી(એસ.ટી.ડી.કેર)નાં કર્મચારીનાં નામ અને સાથે ચૂકવવામાં આવેલ રકમની વિગતો વિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | પીએચડી/અપીલ/આઉટ/૧૨<br>તા.૧૫/૦૭/૨૦૨૬ |
| ૨<br>તા.૦૪/૦૫/૨૦૨૬ | મુદ્દા નં.(૧) તબીબી સારવાર પુસ્તિકા નંબર E/૦૭/૧૪૬, તા.૦૭/૦૮/૨૦૦૩ માંથી હિમાલીબેન જે. પટેલનું નામ કયા ડોકયુમેન્ટસ, દસ્તાવેજના આધારે કમી કરવામાં આવેલ છે. તેની વિગતવાર માહિતી વિગેરે કુલ–૦૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | પીએચડી/અપીલ/આઉટ/૦૬<br>તા.૧૯/૦૫/૨૦૨૬ |

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.PHD/FAP/07/2026, Dt.25/03/2026**

**અરજદાર** : શ્રી શશીકાંત રઘુનાથ પાટીલ

**સામાવાળા** : જાહેર માહિતી અધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ, એસ.ટી.ડી.કેર પ્રોજેકટ, સુરત મહાનગરપાલિકા.

**(૧)** અરજદાર શ્રી શશીકાંત રઘુનાથ પાટીલ દ્વારા તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ અપીલ અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી મદદનીશ માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(ટેક), સાઉથ ઝોન(ઉધના)(એ) તરફથી નં.સા.ઝોન/આ./૬૭૪, તા.૨૪/૦૩/૨૦૨૬ થી તબદીલ કરેલ છે. જેમાં અરજદારશ્રી દ્વારા "જાહેર માહિતી અધિકારીના જવાબ સમાધાન કારક નથી" એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના ઈનવર્ડ નં.પીએચડી/અપીલ/ ઈન/નં.૦૭, તા.૨૫/૦૩/૨૦૨૬ થી નોંધાયેલ છે.

**(૨)** અરજદારશ્રી ની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૧૦/૦૨/૨૦૨૬(આઈ.ડી.નં.૪૫૪)થી સરકારી માહિતી અધિકારીશ્રીને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટ, હિસાબી ખાતુ, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.એકા/આરટીઆઈ./૬૫, તા.૨૫/૦૨/૨૦૨૬ થી જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસર(ઈ.ચા. STD કેર પ્રોજેકટ), મસ્કતી ધર્માર્થ હોસ્પિટલ, સુરત મહાનગરપાલિકા પ્રતિ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી.

**(૩)** અરજદારશ્રી દ્વારા સદર નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.(૧) એસ.ટી.ડી. કેર પ્રોગ્રામના ૩૭ કર્મચારીઓના PF(PROVIDENT FUND) એકાઉન્ટ જનરેટ કરવામાં આવ્યા હોય તો તે તમામ ૩૭ કર્મચારીઓના UAN(UNIVERSAL ACCOUNT NUMBER) ની પ્રમાણિત યાદી આપશો. તેમજ મુદ્દા નં.(૨) થી એસ.એમ.સી. દ્વારા કર્મચારીઓના પગારમાંથી જે તે વખત PF ની રકમ કાપવામાં આવી હતી તે કયા મહિનાના પગારમાંથી કાપવામાં આવી હતી અને તેની કુલ રકમ કેટલી હતી? તેની ઓફિસ રેકર્ડ મુજબની વિગત આપશો. તથા મુદ્દા નં.(૩) થી કાપવામાં આવેલી રકમ માંથી જે રકમ કર્મચારીઓને પરત કરવામાં આવી છે તે કયા નિયમ કે ઓર્ડર હેઠળ પણ કરવામાં આવી છે? જે ઓર્ડરની નકલ આપશો. અને મુદ્દા નં.(૪) થી જે ત્રણ મહિનાના PF ના નાંણા હજુપણ એસ.એમ.સી. ની તિજોરીમાં જમા છે તે નાણાં EPFO

(EMPLOYEES PROVIDENT FUND ORGANISATION) માં જમા ન કરાવવા પાછળનું કાનુની કારણ આપશો. તેમજ મુદ્દા નં.(૫) થી CGIT અમદાવાદ દ્વારા જે સ્ટે આપવામાં આવ્યો છે જેની પ્રમાણિત નકલ આપશો. શું આ સ્ટે ઓર્ડરના કર્મચારીઓના PF ની માહિતી આપવા પર કે વિગતો જાહેર કરવા પર કોઈ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો હા તો તેની સ્પષ્ટતા કરશો. તથા મુદ્દા નં.(૬) થી EPF કમિશનર દ્વારા એસ.એમ.સી.ને દંડ અને વ્યાજ સાથે ચૂકવવા જે આદેશ આપવામાં આવ્યો હતો. તે આદેશના પાલન અંગે એસ.એમ.સી. દ્વારા કરવામાં આવેલ આંતરીક નોંધ (FILE NOTINGS) ની નકલ આપશો. અને મુદ્દા નં.(૭) થી તમામ ૩૭ કર્મચારીઓના નામ અને તેમના PF કોન્ટ્રીબ્યુશનનો રીપોર્ટ (ECR-ECELTRONIC CHALLAN CUM RETURN) જનરેટ થયો હોય તો તેની નકલ આપશો. આમ, કુલ–૦૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ, એસ.ટી.ડી. કેર પ્રોજેકટ દ્વારા MCH OUT WRD NO.૧૬૬૫, DT.૦૨/૦૩/૨૦૨૬ થી મુદ્દા નં.૧ પરત્વે "આ બાબતે જાણ થાય કે, સુરત મહાનગરપાલિકા દ્વારા CGIT (સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કોર્ટ) અમદાવાદ ખાતે અપીલ નં.૨૧/૨૦૨૨ થી કર્મચારીઓના PF કપાત કર્યા બાબત અપીલ દાખલ કરેલ હોય, જેનો અંતિમ ચુકાદો હજી સુધી આવેલ ન હોય, સદર માહિતી આપી શકાય એમ નથી." જ્યારે મુદ્દા નં.૨ પરત્વે "સુરત મહાનગરપાલિકા દ્વારા જે બે વખત PF ની રકમ કાપવામાં આવી ૧.વર્ષ–૨૦૧૬(સપ્ટેમ્બર ૨૦૧૬ થી જાન્યુઆરી ૨૦૧૭) જેમાં પાંચ મહિના PF કપાત કરવામાં આવેલ હતી. જે નાણાં પરત કરવામાં આવેલ હતા.(રકમ રૂા.૨,૩૦,૪૪૨/– જે પરત કરેલ હતી.) ૨.વર્ષ–૨૦૧૯માં(જુલાઈ ૨૦૧૯ થી સપ્ટેમ્બર ૨૦૧૯) ત્રણ માસ કપાત કરેલ, જે હાલ એસ.એસ.એમ.સી. પાસે જમા છે.(રકમ રૂા.૧,૫૮,૭૫૭/– જે સુરત મહાનગરપાલિકા પાસે જમા છે.) અને મુદ્દા નં.૩ અન્વયે "કાપવામાં આવેલ રકમ કર્મચારીઓને પરત કરવાનું કારણ જે તે સમયે સુરત મહાનગરપાલિકાના એકાઉન્ટ વિભાગનો અભિપ્રાય લઈ પરત કરવામાં આવેલ હતી." જ્યારે મુદ્દા નં.૪ અન્વયે "આ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા અમદાવાદ ખાતે સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કોર્ટ(CGIT) માં કર્મચારીઓના PF કપાત બાબતે અપીલ કરેલ હોવાથી EPFO માં PF ના નાણાં જમા કરાવેલ નથી." તેમજ મુદ્દા નં.૫ અન્વયે "હાલ આ મેટર બાબતે CGIT અમદાવાદ ખાતે કેસ ચાલતો હોય, અત્યારના સંજોગોએ માંગેલ માહિતી આપી શકાય એમ નથી." અને મુદ્દા નં.૬ અન્વયે "EPF કમિશનરના નોટીસના આદેશ બાદ સુરત મહાનગરપાલિકા દ્વારા CGIT અમદાવાદ ખાતે કેસ દાખલ કરવામાં આવેલ છે. જે કેસ કોર્ટમાં ચાલતો હોવાથી આ અંગે હાલના તબકકે કેસને લગતી આંતરિક નોંધ આપી શકાય તેમ નથી." અને મુદ્દા નં.૭ થી " આ અંગે ૩૭ કર્મચારીઓના નામ અને તેમના PF કન્ટ્રીબ્યુશનનો રીપોર્ટ(ECR) જનરેટ થયા બાબતની માહિતી અત્રે રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૪)** અરજદારશ્રીની ઉકત નમુના 'ક' આર.ટી.આઈ.ની અરજી અન્વયે તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી નમુના 'ક' ની આર.ટી.આઈ.ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રીના તારીખ : ૦૨/૦૩/૨૦૨૬ ના રોજના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી પ્રથમ અપીલ કરેલ છે.

**(૫)** અરજદારશ્રીની ઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૦૧, તા.૦૮/૦૪/૨૦૨૬ મુજબ તા.૧૫/૦૪/૨૬ના રોજ સવારે ૧૧:૪૫ કલાકે અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રીની કચેરી, રૂમ નં.૮૭, બીજો માળ, મહાનગરપાલિકા, તાપીભવન, તાપીપુરા, સુરત ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ જેમાં જાહેર માહિતી અધિકારીશ્રી, એસ.ટી.ડી.કેર પ્રોજેકટ ઈન્ચા. ડો.એચ.કે.સોંધરવા હાજર રહયા હતા, પરંતુ અજદારશ્રી સદર દિને હાજર રહયા ન હોય, રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી. આથી ફરીથી અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૦૪, તા.૨૮/૦૪/૨૦૨૬ મુજબ તા.૦૫/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ૧૨:૦૦ કલાક દરમ્યાન રૂબરૂ સુનાવણી અર્થે ઉકત જણાવેલ સ્થળે હાજર રહેવા જણાવેલ, પરંતુ ત્યારે પણ અરજદારશ્રી હાજર રહયા ન હોવાથી રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી. આથી અંતિમ વખત અત્રેની કચેરીનાં નં.પીએચડી/અપીલ/આઉટ/૦૫, તા.૧૫/૦૫/૨૦૨૬ મુજબ તા.૨૧/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૪૫ કલાકે ઉકત સ્થળે રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહયા હતા અને જાહેર માહિતી અધિકારી અને પોજેકટ ઈન્ચા. વતી ડો.મનોજ ગોલાણીયા સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. અરજદારશ્રી તરફથી રજુઆત કરવામાં આવેલ કે, "આર.ટી.આઈ. એકટ ૮(૧)(બી) મુજબ માહિતી આપવાની ત્યારે જ ના પાડી શકાય જ્યારે કોઈ માનનીય અદાલતે તે માહિતી આપવાનો સ્પષ્ટ પણે પ્રતિબંધ મુકયો હોય, માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા વારંવાર કહેવામાં આવ્યુ છે કોર્ટમાં કેસ હોવોએ આર.ટી.આઈ. હેઠળની માહિતી રોકવાનું કોઈ કારણ નથી. આ ગુપ્ત માહિતી નથી આ પારદર્શકતા સાથે જોડાયેલ બાબત છે. જેનાથી હાઈકોર્ટની બાબતને કોઈ નુકશાન થાય એમ નથી. જો તેમ છતાં તમે આનો ઉલ્લેખ કરવામાં આવે તો સાથે હાઈકોર્ટનાં કયા ઓર્ડર અથવા આર.ટી.આઈ.ની કઈ કલમ હેઠળ માહિતી રોકવામાં આવી રહી છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો. સાથે પુછવામાં આવેલ દરેક સવાલના જવાબ આપવા." તે મુજબની રજુઆત કરેલ છે જ્યારે જાહેર માહિતી અધિકારી અને પ્રોજેકટ ઈન્ચા. ઓફિસર, આઈ.સી.ડી.એસ. વિભાગ વતી ડો. મનોજ ગોલાણીયા તરફથી "સદર અપીલ અન્વયે આજરોજ તા.૨૧/૦૫/૨૦૨૬ કલાક ૧:૩૦ વાગ્યે ડો.ફેનીલ સરની હાજરીમાં અરજદાર સાથે ચર્ચા કરી અને આપેલ માહિતીની જાણકારી આપેલ અને અમુક માહિતી કોર્ટ મેટર હોવાથી તથા અમુક માહિતી વ્યકિતગત હોવાથી આપવી કે કેમ તે લીગલ સેલની સાથે ચર્ચા કરી આપવા માટે અરજદારને જણાવેલ." તે મુજબની રજુઆત કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા કરેલ રજુઆત અને સદર આર.ટી.આઈ. ની અરજી અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૧૦/૦૨/૨૦૨૬(આઈ.ડી.નં.૪૫૪) આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને પ્રોજેકટ ઈન્ચા.ઓફિસરશ્રી, એસ.ટી.ડી. કેર પ્રોજેકટ દ્વારા તેઆના વિભાગને લાગત મુદ્દાઓની માહિતી તા.૦૨/૦૩/૨૦૨૬ના રોજ પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં જણાવ્યાનુંસાર સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કોર્ટ(CGIT) અમદાવાદ ખાતે કેસ દાખલ કરવામાં આવેલ અને કોર્ટમાં કેસ પેન્ડીગ હોવાથી અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી કેસને લગતી કોઈપણ માહિતી આર.ટી.આઈ. એકટ હેઠળ આપી શકાય તેમ ન હોવાનું કારણ ઉચિત જણાય છે. રૂબરૂ સુનાવણી દરમ્યાન અરદારશ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ કે, "માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા વારંવાર કહેવામાં આવેલ કે, "કોર્ટમાં કેસ હોવોએ આર.ટી.આઈ. હેઠળની માહિતી રોકવાનું કોઈ કારણ નથી" જે મુજબ તેઓશ્રી તરફથી માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ ઓર્ડર કે સંદર્ભ રજુ કરવામાં આવેલ હોવાનું જણાતુ ન હોય, તેમ છતાં સદર બાબતે જો કોઈ ક્ષતિ ન રહી જાય તે સબબ જાહેરમાહિતી આધિકારીશ્રીને આર.ટી.આઈ. સેલ, સુરત મહાનગરપાલિકાના પરામર્શમાં રહી અરજદારશ્રી તરફથી આવેલ આર.ટી.આઈ. ની અરજીથી માંગવામાં આવેલ જવાબ અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોય તો તે કાર્યવાહી આ હુકમ મળ્યેથી દિન–૦૫માં પૂર્ણ કરી, કરેલ કાર્યવાહીનો સારાંશ અરજદારશ્રીને પાઠવવા તથા તેની જાણ અત્રેની કચેરીને કરવા આથી જણાવવામાં આવે છે. આમ, સદર અપીલ અરજી બાબતે અત્રેથી વધુ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું ન હોય, તે મુજબ અરજદારશ્રીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/આઉટ/
તા. / /૨૦૨૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.PHD/FAP/01/2026, Dt.08/04/2026**

**અરજદાર** : શ્રી વિરેન્દ્ર રામદાસ નિમાવત

**સામાવાળા** : જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી, અસારાવાલા અ.હે.સે. અને મેટ.હોમ, સુરત મહાનગરપાલિકા.

**(૧)** અરજદાર શ્રી વિરેન્દ્ર રામદાસ નિમાવત દ્વારા તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ એપેલેટ ઓફિસરશ્રી(ડે.કમિશનરશ્રી–હેલ્થ અને હોસ્પિટલ)ને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, રાઈટ ટુ ઈન્ફોર્મેશન સેલ, સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન, તરફથી પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આર.ટી.આઈ./આ.૨૭, તા.૨૭/૦૩/૨૦૨૬ થી તબદીલ કરેલ છે. જેમાં અરજદારશ્રી દ્વારા "માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અસંતોષકારક માહિતી સામે પ્રથમ અપીલ" વિષય પરત્વેની પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના ઈનવર્ડ નં.પીએચડી/અપીલ/ઈન/નં.૦૧, તા.૦૮/૦૪/૨૦૨૬ થી નોંધાયેલ છે.

**(૨)** અરજદારશ્રી ની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૧૧/૦૨/૨૦૨૬(આઈ.ડી.નં.૪૩૨) થી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, આરોગ્ય સેનીટેશન, સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન, સુરત મહાનગરપાલિકા તરફથી નં.સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ/આ.૮૪૬, તા.૧૮/૦૨/૨૦૨૬ થી સેકશન ઓફિસરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ(મુખ્ય કચેરી), સુરત મહાનગરપાલિકા પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી. જે નં.પીએચડી/આરટીઆઈ/ઈન/૧૯, તા.૨૧/૦૨/૨૦૨૬ થી નોંધાયેલ હતી. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય) વિભાગના દ્વારા નં.પીએચડી/આરટીઆઈ/આઉટ/૧૩, તા.૨૩/૦૨/૨૦૨૬ થી જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી, તમામ હેલ્થ સેન્ટર/ મેટ. હોમ અને સી.એચ.સી., સુરત મહાનગરપાલિકા પ્રતિ સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ હતી.

**(૩)** અરજદારશ્રી દ્વારા સદર નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.(૧) થી એસ.ટી.ડી. કેર પ્રોગ્રામમાં ચુકવવામાં આવે જૂન–૨૦૨૫ની સેલેરી(એસ.ટી.ડી.કેર)નાં કર્મચારીનાં નામ અને સાથે ચૂકવવામાં આવેલ રકમની વિગતો આપવી. સાથે બીજી વીગત જે જોઈએ છે એ જોડેલ Page માં છે, તો માહિતી આપવી. <u>RTI-2: HIV કાઉન્સેલિંગ અને સ્ટાફની લાયકાત અંગે</u> મુદ્દા નં.

૧ થી "સુરત શહેરના તમામ હેલ્થ સેન્ટરોમાં હાલ HIV ટેસ્ટિંગ પૂર્વે(Pre-test) અને ટેસ્ટિંગ બાદ (Post-Test) કાઉન્સેલિંગની કામગીરી કયા હોદ્દા પરના વ્યકિત દ્વારા કરવામાં આવે છે?" તેમજ મુદ્દા નં.૨ થી "NACO(National AIDS Control Organisation) ની ગાઈડલાઈન મુજબ શું HIV ટેસ્ટ કાઉન્સેલિંગ વગર કરવો કાયદેસર છે? તે અંગેના નિયમોની નકલ આપશો" તથા મુદ્દા નં.૩ થી "હાલમાં કાઉન્સેલિંગની કામગીરી કરતા કર્મચારીઓ પાસે MSW(Master of social Work) કે સોશિયોલોજીની માન્ય ડિગ્રી કે સ્પેશિયલ ટ્રેનિંગ છે કે કેમ? તમામ સેન્ટર દીઠ કર્મચારીઓની લાયકાતનું લિસ્ટ આપશો" અને મુદ્દા નં.૪ થી "જૂન ૨૦૨૫ માં STD કેર પ્રોગ્રામના કર્મચારીઓને છુટા કર્યા બાદ આ કામગીરી અન્ય કોઈ એજન્સી કે સ્ટાફને સોંપવામાં આવી છે? જો હા, તો તેની વિગત આપશો" આમ, કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી, અસારાવાલા અ.હે.સે. અને મેટ. હોમના નં.પીએચડી/એયુએચસી એન્ડ એમ એચ/આઉટ નં.૫૯૨, તા.૦૬/૦૩/૨૦૨૬ થી મુદ્દા નં.(૧) પરત્વે "અત્રેના સુરત મહાનગરપાલિકા સંચાલિત અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી એસ.ટી.ડી.કેર પ્રોગ્રામના કર્મચારીઓને સેલેરી એસ.ટી.ડી.કેર પ્રોગ્રામમાંથી ચૂકવવામાં આવે છે" અને આર.ટ.આઈ.૨ ના મુદ્દા નં. ૧. પરત્વે "સુરત મહાનગરપાલિકા સંચાલિત અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટરમાં હાલ એચ.આઈ.વી. ટેસ્ટિંગ પુર્વે (Pre test) અને ટેસ્ટિંગ બાદ (Post test) કાઉન્સેલીંગની કામગીરી Health Care Provider દ્વારા કરવામાં આવે છે. જ્યારે મુદ્દા નં.૨. પરત્વે "National HIV Counselling and testing guidelines 2024 મુજબ પબ્લીક ડોમાઈન ઉપર પી.ડી.એફ. મુકવામાં આવેલ છે. જે આપ મેળવી શકો છો. તેમજ મુદ્દા નં.૩. પરત્વે "અત્રેના સુરત મહાનગરપાલિકા સંચાલિત અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટરના કાઉન્સેલિંગની કામગીરી કરતા કર્મચારીને NACO (National AIDS Control Organisation) દ્વારા ટ્રેનીગ આપવામાં આવેલ છે. આ સાથે કર્મચારીની લાયકાત અંગેના લીસ્ટની માંગણી સબબ આપને કુલ ૦૧ પાનામાં માહિતિ પુરી પાડવાની થતી હોય તે અંગે દસ્તાવેજી ચાર્જ પાનાદીઠ રૂપિયા ૨/– (અંકે રૂપિયા ૨/– પુરા) લેખે પાના નંગ ૦૧નો દસ્તાવેજી ચાર્જ રૂપિયા.૦૨/– સુરત મહાનગરપાલિકામાં જમા કરાવ્યેથી નકલ પુરી પાડવામાં આવશે. જે પરથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકશો" અને મુદ્દા નં.૪. પરત્વે " જુન ૨૦૨૫ STD કેર પ્રોગ્રામના કર્મચારીઓને છુટા કર્યા બાદ આ કામગીરી અન્ય કોઈ એજન્સીને સોંપવામાં આવી નથી. આ કામગીરી Health Care Provider દ્વારા કરવામાં આવે છે" તે મુજબનો સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

(૪) અરજદારશ્રીની ઉકત નમુના 'ક' આર.ટી.આઈ.ની અરજી અન્વયે તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ પ્રથમ અપીલ દાખલ કરી નમુના 'ક' ની અરજી અન્વયે "જાહેર માહિતી અધિકારીને કડક સૂચના આપી મને માંગ્યા મુજબની તમામ કર્મચારીઓની યાદી, સેલરીની વિગત અને અન્ય દસ્તાવેજો વિનામૂલ્યે પૂરા પાડવા હુકમ કરવા વિનંતી કરી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**(૫)** અરજદારશ્રીની ઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૦૭, તા.૨૭/૦૫/૨૦૨૬ મુજબ તા.૦૨/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૨:૦૫ કલાકે અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રીની કચેરી, રૂમ નં.૮૭, બીજો માળ, મહાનગરપાલિકા, તાપી ભવન, તાપીપુરા, સુરત ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી હાજર રહયા હતા પરંતુ અરજદારશ્રી હાજર રહયા ન હતા. ત્યારબાદ અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૦૯, તા.૦૯/૦૬/૨૦૨૬ મુજબ તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૪૫ કલાકે અને પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૧૧, તા.૨૪/૦૬/૨૦૨૬ મુજબ તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે એમ કુલ–૩ વખત રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ પરંતુ સદર ત્રણે દિને જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી હાજર રહયા હતા પરંતુ અરજદારશ્રી હાજર રહયા ન હોવાને કારણે સદર અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હતી.

સદર રૂબરૂ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી તરફથી મૌખિક રજુઆત કરવામાં આવેલ કે, "અરજદારશ્રીને આર.ટી.આઈ. અરજીથી માંગેલ માહિતી અન્વયે અત્રેથી આપવામાં આવેલ જવાબ અંગે વધુ કોઈ માહિતી તેઓની કચેરી ખાતે ઉપલબ્ધ ન હોય, જે ધ્યાને લઈ આગળની ઘટીત કાર્યવાહી કરવા વિનંતી" તે મુજબની રજુઆત કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી થી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડિકલ ઓફિસરશ્રી દ્વારા કરેલ રજુઆત અને સદર આર.ટી.આઈ. ની અરજી અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૧/૦૨/૨૦૨૬(આઈ.ડી.નં.૪૩૨) આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી, અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટર અને મેટ. હોમ દ્વારા માંગ્યા મુજબની માહિતી તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ પુરી પાડેલ હોવાનું જણાય છે.

વધુમાં જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી દ્વારા RTI-2: HIV કાઉન્સેલિંગ અને સ્ટાફની લાયકાત અંગેના મુદ્દા નં.૩ અન્વયે માંગ્યા મુજબની માહિતી માટેના દસ્તાવેજી પુરાવા પુરાપાડવા માટે પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે પરંતુ અરજદારશ્રી દ્વારા તેનો અસ્વીકાર કરી પુરાવા મેળવેલ હોવાનું જણાતું નથી. તેમજ સદર અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રાખવામાં આવેલ ત્રણ વખતની રૂબરૂ સુનાવણી દરમ્યન અરજદારશ્રી ત્રણેય વખત ગેરહાજર રહયા હતા. આમ, ઉપરોકત તમામ પાસાઓને ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા અરજદારશ્રીએ કરેલ આર.ટી.આઈ. સબબ જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડેલ હોય, સદર અપીલ અરજી બાબતે અત્રેથી વધુ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું ન હોય, તે મુજબ અરજદારશ્રીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/આઉટ/
તા. /૦૭/૨૦૨૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.PHD/FAP/02/2026, Dt.04/05/2026**

**અરજદાર** : શ્રી શોભીબેન જયેશભાઈ પટેલ

**સામાવાળા** : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકા

**(૧)** અરજદાર શ્રી શોભીબેન જયેશભાઈ પટેલ દ્વારા તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ પ્રથમ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી.એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન, તરફથી નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૧, તા.૦૨/૦૫/૨૦૨૬ થી તબદીલ કરેલ છે. જેમાં અરજદારશ્રી દ્વારા "સંપુર્ણ માહિતી આજદિન સુધી છુપાવી હોવાનું" જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના ઈનવર્ડ નં.પીએચડી/અપીલ/ઈન/નં.૦૨, તા.૦૪/૦૫/૨૦૨૬ થી નોંધાયેલ છે.

**(૨)** અરજદારશ્રી ની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૩/૦૩/૨૦૨૬(આઈ.ડી.નં.૮૭૭)થી જાહેર માહિતી અધિકારી, આરોગ્ય અધિકારીશ્રી કાંસકીવાડ, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી એકિઝકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, તરફથી નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૮૭૭, તા.૨૪/૦૩/૨૦૨૬ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, આરોગ્ય ખાતુ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી.

**(૩)** અરજદારશ્રી દ્વારા સદર નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.(૧) તબીબી સારવાર પુસ્તિકા નંબર E/૦૭/૧૪૬, તા.૦૭/૦૮/૨૦૦૩ માંથી હિમાલીબેન જે. પટેલનું નામ કયા ડોકયુમેન્ટસ, દસ્તાવેજના આધારે કમી કરવામાં આવેલ છે. તેની વિગતવાર માહિતી આપવી. તેમજ મુદ્દા નં.(૨) તબીબી સારવાર પુસ્તિકા નંબર E/૦૭/૧૪૬, તા.૦૭/૦૮/૨૦૦૩ માંથી હિમાલીબેન જે. પટેલનું નામ કમી કરવા માટે જે ડોકયુમેન્ટસ, દસ્તાવેજ રજુ કરવામાં આવ્યા હોય તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપવી" આમ, કુલ–૦૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી આરોગ્ય વિભાગના પત્ર નં.પીએચડી/આરટીઆઈ/આઉટ/૦૧, તા.૧૭/૦૪/૨૦૨૬ થી મુદ્દા નં.(૧) પરત્વે "અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારશ્રી શોભીબેન જયેશભાઈ પટેલ, કર્મ.નં.૩૫૬૨૨, બેલદાર, સી.ટી. લાઈટ વાહન ડેપો તરફથી જુની.ઈજનેરશ્રી, અઠવા ઝોન મારફતે ઉકત તબીબી

સારવાર પુસ્તિકામાં નામમાં સુધારો, પુત્રી પુખ્તવયની હોય, નામ કમી કરવા તેમજ સસરાનું નામ મરણ થવાથી કમી કરવા વિનંતી કર્યેથી નિયમોનુંસાર તા.૦૯/૦૯/૨૦૧૯ની મે.આરોગ્ય અધિકારીશ્રીની મંજુરી મુજબ હિમાલીબેન જે. પટેલનું નામ કમી કરવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે, કર્મચારીને ઈશ્યુ કરવામાં આવેલ તબીબી સારવાર પુસ્તિકામાં તેમના આશ્રિત બાળકો જ્યારે પુખ્તવયના થઈ ગયેલ હોય ત્યારે કર્મચારીશ્રીની સાદા કાગળ ઉપર આવેલ અરજીને આધારે બાળકોના નામ મે.આ.અધિ.શ્રીની મંજુરી મેળવી નામ કમી કરવામાં આવે છે. જે બાબત ધ્યાને લેવા વિનંતી" અને મુદ્દા નં.(૨) પરત્વે "કર્મચારીને ઈશ્યુ કરવામાં આવેલ તબીબી સારવાર પુસ્તિકામાં તેમના આશ્રિત બાળકો જ્યારે પુખ્તવયના થઈ ગયેલ હોય ત્યારે કર્મચારીશ્રીની સાદા કાગળ ઉપર આવેલ અરજીને આધારે બાળકોના નામ મે.આ.અધિ.શ્રીની મંજુરી મેળવી નામ કમી કરવામાં આવે છે. સદર નામ કમી કરવા માટે વિષેશ કોઈ ડોકયુમેન્ટસ અત્રેથી માંગવામાં આવતા નથી. જે જાણમાં લેવા વિનંતી" તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

**(૪)** અરજદારશ્રીની ઉકત નમુના 'ક' આર.ટી.આઈ.ની અરજી અન્વયે તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ પ્રથમ અપીલ દાખલ કરી નમુના 'ક' ની અરજી અન્વયે "અમારી માહિતી માંગતી અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, આરોગ્ય વિભાગ સુરત મહાનગરપાલિકાનાઓને આ સાથે સામેલ તા.૨૩/૦૩/૨૦૨૬ ના પત્રથી અરજી મળેલ હોવા છતાં પણ આ કામના જાહેર માહિતી અધિકારી દ્વારા અધુરી અને અસ્પષ્ટ માહિતી પુરી પાડવામાં આવેલ છે, તેમજ આ કામના જાહેર માહિતી અધિકારી દ્વારા પોતે આચરેલ ભ્રષ્ટાચાર ઉજાગર ન થાય તેવા બદઆશયપૂર્વક માહિતી છુપાવી હોવાનું કારણ દર્શાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**(૫)** અરજદારશ્રીની ઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/અપીલ/આઉટ/૦૬, તા.૧૯/૦૫/૨૦૨૬ મુજબ તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૧૨:૦૦ કલાકે અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રીની કચેરી, રૂમ નં.૮૭, બીજો માળ, મહાનગરપાલિકા, તાપી ભવન, તાપીપુરા, સુરત ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય વિભાગ અને અરજદારશ્રી તરફથી શોભીબેન જયેશભાઈ પટેલ સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. અરજદારશ્રી તરફથી "મારી રજુઆત જે શોભીબેન જયેશભાઈ પટેલની મારી મોટી છોકરી પુખ્તવયની હોવાથી નામ કમી કરવા જણાવેલ પરંતુ નાની બેબી પીયાબેન જયેશભાઈનું પણ નામ કમી થયેઈ ગયેલ હોય" જે મુજબની રજુઆત કરેલ હતી. જ્યારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય વિભાગ તરફથી "અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારશ્રી શોભીબેન જયેશભાઈ પટેલ, કર્મ.નં.૩૫૬૨૨, બેલદાર, સીટી લાઈટ વાહન ડેપો તરફથી જુની.ઈજનેરશ્રી, અઠવા ઝોન મારફતે ઉકત તબીબી સારવાર પુસ્તિકામાં નામમાં સુધારો, બંને પુત્રીઓ પુખ્તવયની હોય, નામ કમી કરવા તેમજ સસરાનું નામ મરણ થવાથી કમી કરવા વિનંતી કર્યેથી નિયમોનુંસાર તા.૦૯/૦૯/૨૦૧૯ની મે.આરોગ્ય અધિકારીશ્રીની મંજુરી મેળવી કર્મચારીને ઈશ્યુ કરવામાં આવેલ તબીબી સારવાર

પુસ્તિકામાં તેમના બાળકો(આશ્રિત) પુખ્તવયના થયેલ હોય, સાદા કાગળ ઉપર આવેલ અરજીને આધારે નામ કમી કરવામાં આવેલ છે" તે મુજબની રજુઆત કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી થી અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર દ્વારા કરેલ રજુઆત અને સદર આર.ટી.આઈ. ની અરજી અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૨૩/૦૩/૨૦૨૬(આઈ.ડી.નં.૮૭૭) આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, આરોગ્ય વિભાગ દ્વારા માંગ્યા મુજબની માહિતી તા.૧૭/૦૪/૨૦૨૬ના રોજ પુરી પાડેલ હોવાનું જણાય છે. વધુમાં રૂબરૂ સુનાવણી દરમ્યાન અરદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય વિભાગ દ્વારા આર.ટી.આઈ.ની અરજીના મુદ્દાઓ પરત્વે અરજદાશ્રીની ખાતા મારફતે આવેલ અરજીમાં બંને પુત્રીઓ પુખ્તવયની હોવાથી નામ કમી કરવા માટેની વિનંતી કરેલ હોવાથી નામ કમી કરેલ હોવાની સમજ આપેલ હોવાનું જણાય છે. જે બાબતો ધ્યાને લઈ અરજદારશ્રીને સદર અપીલ અરજી બાબતે અરજદાશ્રીને રૂબરૂ સુનાવણી દરમ્યાન આપવામાં આવેલ સમજ પ્રત્યે કોઈ ગેરસમજ રહેતી ન હોવાનું માની, સદર અપીલ અરજી બાબતે અત્રેથી વધુ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું ન હોય, તે મુજબ અરજદારશ્રીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/અપીલ/આઉટ/
તા. /૦૫/૨૦૨૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા